# આકાશવાણી ભુજ

**સમાચાર વાચક: કલ્પના શાહ**

**કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ**

**તારીખ : ૨૨-૧૦-૨૦૨૪ મંગળવાર સમય : સાંજે ૬:25 કલાકે**

---

## કેન્દ્રીય ગૃહ મંત્રી-રાજ્ય પ્રવાસે:

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસીય ગુજરાત પ્રવાસે .. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે શુભેચ્છા મુલાકાત કરી, ગૃહમંત્રી અમિત શાહને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

ગુજરાતની મુલાકાતે પહોંચેલા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ આજે રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ- NDDBની સ્થાપનાનાં હીરક જયંતિ અને ત્રિભુવનદાસ પટેલની જન્મજયંતી નિમિત્તે આણંદ ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સંબોધન કરતાં શ્રી શાહે જણાવ્યું કે , 60 વર્ષમાં NDDBએ ખેડૂતો અને મહિલાઓનું સશક્તિકરણ કર્યું છે અને બાળકોને પોષણયુક્ત દૂધ આપીને સશક્ત નાગરિક બનાવવામાં પણ પ્રદાન કર્યું છે. તેઓ ગુજરાત વિધાનસભામાં 'વિધાન પ્રારુપણ પ્રશિક્ષણ ' કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ત્યાર બાદ તેઓએ ગાંધીનગરના ભાજપ કાર્યાલય 'શ્રી કમલમ્'નો શિલાન્યાસ કર્યો હતો.

- (RNU અમદાવાદ)

---

## કચ્છમાં નવા કાયમી પશુ ચિકિત્સકની નિમણુક:

સરહદી કચ્છ જિલ્લાને ૧૬ નવા કાયમી પશુ તબીબો ફાળવવામાં આવતા જીલ્લાના પશુપાલક સમુદાયમાં આનંદની લાગણી ફેલાઈ છે. રાજ્યના પશુ પાલન વિભાગ દ્વારા કુલ ૧૨૩ નવા કાયમી પશુ ચિકિત્સકોની નિમણુકના હુકમો કરવામાં આવ્યા છે જે પૈકી, કચ્છ જિલ્લાને સૌથી વધુ ૧૬ પશુ ચિકિત્સકો ફાળવાયા છે. ત્યારે માનવ વસ્તી કરતા વધુ પશુ વસ્તી ધરાવતા જીલ્લામાં લાંબા સમયથી પશુ તબીબોની ઘટને પગલે કામગીરી પર પડતી વિપરીત અસરમાં રાહત મળશે અને પશુ આરોગ્ય સુરક્ષા અને રસીકરણ જેવી કામગીરીને વેગ મળશે.

- (RNU અમદાવાદ)

---

## ગેરકાયદેસરના ભૂંગા તોડી પડાયા:

કચ્છના સફેદ રણ ધોરડોમાં અનેક રેસોર્ટમાં ગેરકાયદેસર રીતે ઊભા કરાયેલા 160 ભૂંગાઓને મહેસૂલ વિભાગ દ્વારા તોડી પાડવામાં આવ્યા છે.

સફેદ રણમાં વોચ ટાવર જતા માર્ગે BSF ચેકપોઇન્ટ નજીક આવેલા રિસોર્ટમાં ગેરકાયદેસર દબાણ કરાયેલા આ ભૂંગાઓને તંત્ર દ્વારા દબાણ હટાવવાની સૂચના આપવામાં આવી હતી પરંતુ સ્વેચ્છાએ દબાણ ન હટતા 6 રિસોર્ટના કુલ 160 ભૂંગા તંત્ર દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા. ભુજથી ખાવડા જતા માર્ગે 140 થી વધુ રિસોર્ટ-હોટલો આવેલા છે. જેમાં ગેરકાયદે દબાણ કરાયેલ હશે તેને તંત્ર દ્વારા હટાવવાની કડક નોટીસ આપવામાં આવી છે.

- (RNU અમદાવાદ)

---

## સ્વચ્છતા હી સેવા અભિયાન-સફાઈ કામગીરી:

સ્વચ્છતા હી સેવા ’ અભિયાન અંતર્ગત જિલ્લામાં શહેર અને ગ્રામ્યકક્ષાએ દિવસે અને રાત્રિના સમયે સઘન સફાઇ કામગીરી કરવામાં આવી રહી છે.

માંડવી, ભુજ, ભચાઉ, નખત્રાણા, રાપર સહિતની નગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ અને સુઘડ બનાવવા માટે દિવસ અને રાત્રિના સમયે શાકમાર્કેટ , જાહેર રસ્તા , શૌચાલય વગેરેની સફાઇ કામગીરી કરવામાં આવી રહી છે.

જયારે ગ્રામ્યકક્ષાએ દિવસના સમયે વિવિધ વિસ્તારોમાં સફાઈ કરવામાં આવી રહી છે. સ્વચ્છતા અંગે જનજાગૃતિ કેળવાય તે માટે રચનાત્મક કાર્યો દ્વારા જરૂરી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. દરમિયાન કુંદરોડી, અમરાપર સહિતના ગામમાં સફાઇ કામગીરી કરાઇ હતી. જેમાં ગામના ઉકરડાની સફાઇ, ડોર ટુ ડોર કચરા કલેકશન તથા જાહેર માર્ગ તથા સ્થળની સફાઇ કરી લોકોને આસપાસનો વિસ્તાર સ્વચ્છ રાખવા સંદેશો પાઠવાયો હતો.

તો, સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત તાલુકા પંચાયત કચેરી માંડવી ખાતે તાલુકાના તલાટી અને સરપંચની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમનો મુખ્ય હેતુ ગ્રામકક્ષાએ ઘન અને પ્રવાહી કચરા નો યોગ્ય, સુચારુ અને કાયમી નિકાલ કરવા અંગેનું યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવાનો હતો. તેમજ લોકો સામૂહિક રીતે સ્વચ્છતા સાથે સ્વસ્થતાના આગ્રહી બને તે માટે કર્મચારીઓને તાલીમથી માહિતગાર કરવામાં આવ્યા હતા.

- (RNU અમદાવાદ)

---

## ટ્રાફિક નિયમન માટે જાહેરનામું:

આગામી દિવાળીના તહેવારો અન્વયે ભુજ શહેરના અંદરના વિસ્તારો જેવા કે જુની શાક માર્કેટ, તળાવ શેરી , વાણીયાવાડ, નવી શાક માર્કેટ , મહેરઅલી ચોક , અનમ રીંગરોડ , છઠ્ઠીબારી રીંગરોડ, વિગેરે વિસ્તારોમાં ખૂબ જ ભીડ રહેતી હોઈ આ વિસ્તારોના રસ્તાઓ પર ટ્રાફિક નિયમન માટે અધિક જિલ્લા મજિસ્ટ્રેટ, કચ્છ-ભુજ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

જે મુજબ આગામી તા.૨૪ ઓક્ટોબરથી બીજી નવેમ્બર ૨૦૨૪ સુધી થ્રી વ્હીલર અને ફોર વ્હીલર વાહનો છઠ્ઠીબારી રીંગ રોડ, અનમ રીંગ રોડ અને વાણીયાવાડ નવી શાક માર્કેટથી અંદર જતા રસ્તા પર પસાર થઈ શકશે નહીં.

આ ઉપરાંત ઓપન એર થિયેટર ગ્રાઉન્ડ ખાતે વૈકલ્પિક હંગામી પાર્કિંગ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

- (RNU અમદાવાદ)

---

## જીલ્લામાં વરસાદી ઝાપટાં:

જિલ્લામાં આજે વરસાદી વાતાવરણ વચ્ચે માંડવી તાલુકાના ત્રગડી ગામે કમોસમી વરસાદનું ઝાપટું પડ્યું હતું . તો મુન્દ્રા તાલુકાના ભુજપુરમાં પણ ઝાપટું વરસી પડતા પાણી વહી નીકળ્યા હતા. તો, આજે બપોરે ભચાઉમા ધોધમાર વરસાદ પડતાં રસ્તા પરથી પાણી વહી નીકળ્યા હતા.

જિલ્લામાં અલગ અલગ સ્થળે પડી રહેલા છુટા છવાયા ઝાપટાના પગલે ખેડૂતોમાં પાક સલામતીને લઈ ચિંતા ફેલાઈ છે . તો, શહેર અને ગ્રામ્ય વિસ્તાર ના દવાખાનાઓમાં વાયરલ ફીવર સહિતની બીમારીના દર્દી વ્યાપક પ્રમાણમાં જોવા મળી રહી છે.

- (RNU અમદાવાદ)

---